શંકરસિંહ રાણા સતત છઠ્ઠી વાર મધુર ડેરીના ચેરમેન પદે

૨૦૨૫ સુધીમાં મધુરનું ટર્નઓવર ૧૫૦૦ કરોડ સુધી લઈ જવાનો ગોલ્ડન લક્ષ્યાંક

ગાંધીનગર, તા. ૩

પશુપાલકો અને પશુ સંવર્ધનના હિતોની રક્ષા સાથે ગાંધીનગર મધુર ડેરીનું ટર્ન ઓવર ૧૫૦૦સ

કરોડ ૨૦૨૫ સુધીમાં લઈ જવાના લક્ષ્યાંક સાથે અમારી બોર્ડ કામ કરશે તેવો વિશ્વાસ છઠ્ઠીવાર ચેરમેન તરીકે ચુંટાઈ આવેલ શંકરસિંહ રાણાએ આજે પત્રકાર પરિસદમાં વ્યક્ત કર્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે ધણપ નજીક પાંચ લાખ લીટરની ક્ષમતા ધરાવતો પ્લાન્ટ તૈયાર થઈ જવામાં છે અને ડેરીના ૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે તેનુ લોકાર્પણ કરવામાં આવશે. ડૉ. રાણાએ જણાવ્યુ હતુ કે રાજસ્થાનમાં પણ બે લાખ લીટરનો પ્લાન્ટ સ્થાપવા માટે કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે.

પશુસંવર્ધન ક્ષેત્રે અમે ગ્રામીણ વિસ્તારોમાં ગાયોને પશુપાલનમાં સમાવવા માટેના પ્રયાસો કરી રહ્યા છીએ. રાજ્ય સરકાર દ્વારા આ માટે સહાય આપવાની જાહેરાત પછી અમારા પ્રયાસો વેગીલા બન્યા છે. આનાથી પશુપાલકોની આવક વધશે તેમજ જિલ્લામાં દૂધ ઉત્પાદન પણ વધશે.

ડૉ. રાણાએ કહ્યુ હતુ કે અમે એગ્રીમોલ પણ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. ડેરીમાં દૂધ સિવાયના અન્ય ૨૦ થી વધુ પ્રોડક્ટ્સ બનાવી અમે સારૂ એવુ સ્થાન બજારમાં મેળવી શક્યા છીએ.

તેમણે જણાવ્યુ હતુ કે એગ્રીમોલની અમે ચેઈન બનાવીશુ એટલુ જ નહિ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે તે માટે ઓર્ગેનિક વેજીટેબલનું વેચાણ શરૂ કર્યુ છે. આગામી દિવસોમાં તેમાં ફુટ્સ પણ જોડવામાં આવશે.

ડૉ. રાણાએ જણાવ્યુ હતુ કે બોર્ડ બિનહરિફ થયુ છે અને પશુપાલન ક્ષેત્રમાં સૌથી વધુ અગ્રેસર પ્રદાન કરતી મહિલાઓને પણ પુરતુ સ્થાન આપવામાં આવ્યુ છે. જિલ્લામાં મધુર બ્રાન્ડ બેસ્ટ બ્રાન્ડ બની વધુને વધુ નીખરે એ જ અમારૂ લક્ષ્ય છે.

સિવિલમાં છેલ્લા છ માસમાં કોરોનાના ૪૮૨૯ દર્દીઓએ સારવાર મેળવી

કોરોનાના એપ્રિલમાં ૧૯૬ દર્દી હતા, તે વધીને સપ્ટેમ્બરમાં ૧૪૬૦ થયા

ગાંધીનગર, તા.૩

દેશ અને રાજયમાં કોરોનાએ કોહરામ મચાવ્યો છે. કોરોના સંક્રમણના કેસ સતત રોજ-બરોજ વધી રહ્યા છે. ત્યારે ગાંધીનગરની કોવીડ હોસ્પિટલમાં ઉભી કરાયેલી કોવીડ ઓપીડીમાં છેલ્લા છ માસમાં ૧૦૭૫૫ જેટલા દર્દીઓએ સારવાર મેળવી છે. જયારે કોરોના પોઝીટીવ ૪૮૨૯ દર્દીઓએ સારવાર મેળવી સ્વસ્થ થયા છે. લોકડાઉન સમયે કોરોનાની સ્થિતિ કાબુમાં હતી, પરંતુ અનલોકમાં પરિસ્થિતિ બેકાબુ બની ગઈ છે. એપ્રિલ થી જુન સુધીમાં ત્રણ આંકડામાં કોરોના પોઝીટીવ દર્દીઓ હતા. જયારે જુલાઈ થી સપ્ટેમ્બર ચાર આંકડામાં પહોંચી ગયો છે. શહેરમાં સૌથી વધુ કોરોના દર્દીઓ જુલાઈ માસમાં ૧૦૮૭ નોંધાયા છે. ત્યારે હજુ પણ નાગરીકો માસ્ક કે દો ગજ કી દુરી નહી રાખે તો દર્દીઓની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે.

કોરોનાની મહામારીએ દેશ દુનિયામાં હાહાકાર મચાવ્યો છે. કોરોનાનું સંક્રમણ દિન પ્રતિદિન વધી રહ્યું છે. ગાંધીનગરમાં પણ હાલની સ્થિતિએ કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ગત માર્ચ મહિનાની અંદાજીત ૧૮ મી તારીખે કોરોનાએ ગાંધીનગરમાં દસ્તક દીધી હતી. ત્યારબાદ કડક લોકડાઉનના લીધે કોરોનાને નિયંત્રણમાં રાખી શકાયો હતો. અલબત શહેરની સિવિલ હોસ્પિટલમાં પણ લોકડાઉન દરમિયાન કોરોનાના ગણ્યાંગાંઠ્યા દર્દીઓ સારવાર હેઠળ હતા. જયારે જેમ જેમ લોકડાઉનમાં છુટછાટ આપવામાં આવી તેમ અનલોકના વિવિધ તબક્કામાં કોરોના દર્દીઓનો ગ્રાફ સતત ઉપર જતો નજરે પડી રહ્યો છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એપ્રિલ થી સપ્ટેમ્બર દરમિયાન ૪૮૨૯ કોરોનાના દર્દીઓને સારવાર પુરી પાડવામાં આવી છે. આ ઉપરાંત ૫૯૨૬ શંકાસ્પદ દર્દીઓ પણ નોંધાયા છે.

ગત એપ્રિલ મહિનામાં સિવિલમાં કોરોનાના ૧૯૬ દર્દીઓ સારવાર હેઠળ હતા. ત્યારબાદ મે માસમાં આ સંખ્યા વધીને ૩૫૩ પર પહોંચી હતી. લોકડાઉન વધુ છુટછાટ અપાયા બાદ જુન અને જુલાઈમાં પણ સિવિલમાં સારવાર લેતા દર્દીઓની સંખ્યા ૧૦૮૭ સુધી પહોંચી ગઈ હતી. ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં કોરોનાનું સંક્રમણ વધતા દર્દીઓની સંખ્યામાં પણ વધારો થયો હતો.

ઓગસ્ટમાં ૧૦૭૨ અને સપ્ટેમ્બરમાં ૧૪૬૦ દર્દીઓ કોરોના સિવિલ હોસ્પિટલના બિછાને હતા. હાલના કપરા સંજોગોમાં કોરોનાથી બચવા સોશ્યિલ ડીસ્ટન્સીંગ અને માસ્ક એક માત્ર ઉપાય છે. ત્યારે રોજ બરોજ સામે આવતા નવા કેસ આરોગ્ય વિભાગ માટે પણ ઘેરી ચિંતાનો વિષય છે.

ટ્રીમીંગના અભાવે વૃક્ષોની તોતિંગ ડાળીઓ ટ્રાફિક સિગ્નલ માટે પણ નડતરરૂપ

ચ-૨ થી ગ-૨ વચ્ચે માર્ગો આસપાસ નમી પડેલી ડાળીઓનુ ટ્રીમીંગ અનિવાર્ય

ગાંધીનગર તા ૩

ગાંધીનગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ હરિયાળા વૃક્ષોની વનરાજી આંખોને ઠંડક આપે છે. પરંતુ વરસાદી દિવસોના અંતે વૃક્ષોનુ સમયસર ટ્રીમીંગ થાય તે પણ અનિવાર્ય છે. હાલ વૃક્ષોની નમી પડેલી ડાળીઓ, ફુટપાથ, સ્ટ્રીટ લાઈટના થાંભલા માટે નડતરરૂપ બની છે. જયારે હવે ટ્રાફિક સિગ્નલ માટે પણ નમી પડેલી તોતિંગ ડાળીઓ આડશ બની છે. માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ આ વૃક્ષોની સમયસર ટ્રીમીંગ થાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ફાર્મસી કોલેજનુ નવુ બિલ્ડીંગ બનાવવા ૧૫ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૩

શહેરના સે-૨૬ સ્થિત પોલીટેકનીક સંકુલમાં ફાર્મસી કોલેજનુ નવુ બિલ્ડીંગ બનાવવા માટે આયોજન કરી દેવાયુ છે. ત્રણ મજલાના આ બિલ્ડીંગના નિર્માણ માટે ટુંકમાં ટેન્ડર પ્રકીયા હાથ ધરાશે. જુનુ જર્જરિત મકાન તોડીને નવુ બિલ્ડીંગ બાંધવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૫ કરોડનો ખર્ચ કરાશે. ગાંધીનગરમાં વિવિધ માર્ગોની સુધારણા ઉપરાંત સરકારી આવાસોના નિર્માણનુ કામ પણ ચાલી રહ્યુ છે. શહેરમાં સ્થિત જુદી જુદી સરકારી કચેરીમાં પણ રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવે છે. જયારે અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓના મકાનો પણ દાયકાઓ જુના હોવાથી નવા મકાનો બાંધવા માટે તબક્કવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. હાલ સે-૧૫ સ્થિત આઈ ટી આઈ બિલ્ડીંગ પણ નવુ બાંધવામાં આવશે અંદાજિત ચાર દાયકા જુના બિલ્ડીંગને તોડીને નવુ બાંધકામ કરવામાં આવશે. જયારે હાલના સમય મુજબ નવા બિલ્ડીંગોને અનુલક્ષી કોર્પોરેટ લુક તેમજ અદ્યતન સુવિધાઓ પણ ઉભી કરવામાં આવે છે. શહેરમાં સે-૨૬ માં પણ પોલીટેકનિક કોલેજ સંકુલમાં ફાર્મસી કોલેજનુ નવુ બિલ્ડીંગ બાંધવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષી વિભાગ કક્ષાએથી વહીવટી મંજુરી આપી દેવામાં આવી છે. આગામી દિવસોમાં કાર્યયોજનાને અનુલક્ષી ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૫ કરોડનો ખર્ચ કરાશે. જયારે આ ઠેકામે જુના અને જર્જરિત બિલ્ડીંગને તોડીને નવુ બિલ્ડીંગ બાંધવા જુનુ બિલ્ડીંગનો કડુસલો કરાશે. ત્રણ મજલાના આ બિલ્ડીંગના નિર્માણને અનુલક્ષી આગામી દિવસોમાં ટેન્ડર પ્રકીયાના અંતે કામ શરૂ કરી દેવાશે. જયારે બીજા તબક્કામાં સંકુલમાં અન્ય જરૂરી સુવિધાના કામો પણ હાથ ધરાશે. આઈ ટી આઈ તેમજ ફાર્મસી કોલેજના નવા બિલ્ડીંગોના નિર્માણના અંતે વિદ્યાર્થીઓને વધુ સુવિધાઓ ઉપલબ્ધ થશે.

જુના અને જર્જરિત બિલ્ડીંગને તોડીને નવુ બાંધકામ કરવામાં આવશે

જિલ્લામાં વધુ ૧૪ કેસ નોંધાયા

ગાંધીનગરમાં ૬, માણસામાં ૫ અને કલોલમાં ૩ કેસ : ૧૨ દર્દી ડિસ્ચાર્જ થતાં ૧૯૫૩ દર્દીઓ કોરોના મુક્ત થયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૪ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં વધી રહેલા સંક્રમણને લઈ તંત્રની ચિંતા વધી છે.

આજે ગાંધીનગરમાંથી ૬, માણસામાંથી ૫ અને કલોલમાંથી ૩ કેસ નોંધાયા છે. માણસા તાલુકામાં વધી રહેલા કેસોથી તંત્રમાં ચિંતા વધુ વ્યાપી છે.

આજે વાવોલમાંથી એક ૫૯ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા છે.

ભાટ ગામેથી નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોટેશ્વર ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. કોટેશ્વરમાં કોરોનાએ પુનઃ હાજરી પુરાવતાં તંત્રએ સર્વેલન્સ સઘન કરવાની સૂચના આપી છે. કોટેશ્વરમાંથી ૪૧ વર્ષીય પુરૂષ અને ૩૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કુડાસણમાંથી ૫૬ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આલમપુર મિલીટ્રી સ્ટેશનમાંથી આજે ૨૦ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાંથી આજે પાંચ કેસ મળી આવ્યા છે. જેમાં ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે.

ઈટાદરા ગામેથી ૪૩ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં સંક્રમિતોની સંખ્યા ૧૩૬૯ થઈ

આજે વધુ ૧૭ કેસ નોંધાયા : સે. ૨૭ માંથી ૪ કેસ મળ્યા : સે. ૨ માંથી ૨, સે. ૨૬ માંથી ૨, સે. ૭ માંથી ૨, ઉપરાંત સે. ૩, ૫, ૧૨, ૨૪, ૨૮, બોરીજ તેમજ જીઈબી કોલોનીમાંથી પણ કેસો મળી આવ્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૭ કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના નોંધાયેલા કેસોની સંખ્યા ૧૩૬૯ પર પહોંચી છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે સે. ૨૭ માંથી ૪ અને સે. ૨૬ માંથી બે કેસ મળતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. આ ઉપરાંત શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં કેસો મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામ પણ વધવા પામી છે.

સે. ૨ માંથી ૨, સે. ૨૬ માંથી ૨, સે. ૭ માંથી ૨, સે. ૨૭ માંથી ૪ ઉપરાંત સે. ૩, ૫, ૧૨, ૨૪, ૨૮, બોરીજ તેમજ જીઈબી કોલોનીમાંથી પણ કેસો મળી આવ્યા છે.

જીઈબીમાંથી આજે સ્ટેટ ઈલેક્ટ્રીક સીટી કોર્પોરેશનની ચીફ એડમીનીસ્ટ્રેટીવની ઓફિસમાંથી ૪૮ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૭ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૭૭ વર્ષીય મહિલા અને ૬૨ વર્ષીય પુરૂષનો

● અનુસંધાન પાન-૭ પર

ઘરમાં રહો સુરક્ષિત રહો

ગોસ્વામી સમાજનું બેસણું

અમારા પરમ પૂજનિય પિતાશ્રી તથા ભાઈ
સ્વ. શ્રી શિવાભારતી અમૃતભારતી ગોસ્વામી
જન્મ તા. ૦૧-૦૬-૧૯૫૮ સ્વ. તા. ૦૧-૧૦-૨૦૨૦
કોરોના મહામારીના કારણે ટેલિફોનિક બેસણું રાખેલ છે.
સદ્‌ગત આત્માનું બેસણું તા. ૦૫-૧૦-૨૦૨૦ સોમવારે રાખેલ છે.
સ્થળ : શ્રી કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મંદિર, ગાંધીનગર-માણસા હાઈવે, રાંધેજા, ગાંધીનગર
8141217050 | 9428595741 | 9374177184

લિ.
ગં.સ્વ. રતનબા અમૃતભારતી ગોસ્વામી (માતા) ગં.સ્વ. જશીબેન શિવાભારતી ગોસ્વામી (પત્ની)
સુરેશભારતી અમૃતભારતી ગોસ્વામી (ભાઈ) દિલીપભારતી શિવાભારતી ગોસ્વામી (પુત્ર)
સ્વ. બાબુભારતી રામભારતી ગોસ્વામી (ભાઈ) સંજયભારતી શિવાભારતી ગોસ્વામી (પુત્ર)
મગનભારતી રામભારતી ગોસ્વામી (ભાઈ) કિરણભારતી શિવાભારતી ગોસ્વામી (પુત્ર)
સુભાષભારતી ઈશ્વરભારતી ગોસ્વામી (ભાઈ) રમેશભારતી રામભારતી ગોસ્વામી (ભાઈ)
ચંદુભારતી ઈશ્વરભારતી ગોસ્વામી (ભાઈ) યશ સુરેશભારતી ગોસ્વામી (ભત્રીજો)

પિયર પક્ષનું બેસણું "સુંદરધામ" ખાતે જ રાખેલ છે.
9426385818

જાહેર ચેતવણી

(પ્લોટ નં. ૩૭૮/૧, સેક્ટર નં.૮, ગાંધીનગર)

આથી અમો નીચે સહી કરનાર જશવંતસિંહ એચ. રાઠોડ, એડવોકેટ તે અમારા અસીલશ્રી (૧) દિપેન મહેન્દ્રભાઈ પટેલ, (૨) નિકી મહેન્દ્રભાઈ પટેલ બંને રહે. ૪૭૫, ગાયત્રીનગર, સેક્ટર નં. ૨૭, ગાંધીનગર તથા (૩) હર્ષ ઉર્ફે હર્ષિલ બાબુભાઈ પટેલ, રહે. પ્લોટ નં. ૨૨૬/૨, સેક્ટર નં. ૧૪, ગાંધીનગરનાની સુચના અને ફરમાઈશથી આ જાહેર ચેતવણી આપી સર્વે લાગતા વળગતાઓને જણાવીએ છીએ કે,

ગાંધીનગર શહેરના ગાંધીનગર ટાઉનશીપના સેક્ટર નં.૮માં આવેલ રહેણાંક પ્લોટ નંબર ૩૭૮/૧ કે જેનું ક્ષેત્રફળ ૮૧.૦૦ ચો.મી. થાય છે તે પ્લોટ તથા તેના ઉપર બાંધવામાં આવેલ મકાન અમારા અસીલોના મોટા બાપા સ્વ. જશવંતભાઈ મણીલાલ પટેલની કુલ સ્વતંત્ર માલિકી અને કબજા ભોગવટાનું આવેલ હતું. પરંતુ જશવંતભાઈ મણીલાલ પટેલનું તા. ૨૩/૧૧/૨૦૦૮ના રોજ અવસાન થયેલ છે. સ્વ. જશવંતભાઈ મણીલાલ પટેલે તેમની હયાતીમાં તા. ૨૭/૧૦/૨૦૦૮ના રોજ ગાંધીનગર સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં અનુક્રમ નં. ૧૬૪૯૨થી એક વસિયતનામું રજીસ્ટર્ડ કરાવેલ.

જે વસિયતનામું તેઓના અવસાન બાદ જોતા ગાંધીનગર ટાઉનશીપના સેક્ટર નં.૮માં આવેલ રહેણાંક પ્લોટ નંબર : ૩૭૮/૧ કે જેનું ક્ષેત્રફળ ૮૧.૦૦ ચો.મી. થાય છે તે પ્લોટ તથા તેના ઉપર બાંધવામાં આવેલ મકાન જશવંતભાઈ મણીલાલ પટેલના અવસાન બાદ તેઓના ધર્મપત્ની કૈલાસબેન જશવંતભાઈ પટેલ જ્યાં સુધી જીવીત રહેશે ત્યાં સુધી સદર મકાનમાં રહી શકશે. પરંતુ તેઓના ધર્મપત્ની આ મકાન કે તેનો કોઈપણ ભાગ ભાડે, વેચાણ, ભેટ કે બક્ષીસ સ્વરૂપે કોઈને પણ આપી શકશે નહી. આમ છતાં સદર મકાન કોઈપણ કારણસર ભાડે અથવા વેચાણ કરવાનો પ્રસંગે ઉપસ્થિત થાય તો (૧) કૈલાસબેન જશવંતભાઈ પટેલ પોતે, (૨) દિપેન મહેન્દ્રભાઈ પટેલ, (૩) નિકી મહેન્દ્રભાઈ પટેલ તથા (૩) હર્ષ ઉર્ફે હર્ષિલ બાબુભાઈ પટેલની સર્વ સંમતિ લઈને સદર મકાન ભાડે કે વેચાણ આપવું અને તેમાંથી જે કાંઈ પણ રકમ ઉપજે તે તેઓએ સરખા ભાગે એટલે કે દરેકે ૨૫% પ્રેમાણ વહેંચવાની રહેશે. વધુમાં સ્વ. જશવંતભાઈ મણીભાઈ પટેલ તે તેઓના તા. ૨૭/૧૦/૨૦૦૮ના રજીસ્ટર્ડ વસિયતનામામાં સ્પષ્ટ જણાવેલ છે કે, તેઓના પત્ની કૈલાસબેન જશવંતભાઈ પટેલના અવસાન બાદ સદર મકાનના વારસદાર તરીકે (૧) દિપેન મહેન્દ્રભાઈ પટેલ, (૨) નિકી મહેન્દ્રભાઈ પટેલ તથા (૩) હર્ષ ઉર્ફે હર્ષિલ બાબુભાઈ પટેલને ઠરાવવામાં આવેલ છે.

આમ, ઉપરોક્ત હકીકતો સ્વ. જશવંતભાઈ મણીભાઈ પટેલના તા. ૨૭/૧૦/૨૦૦૮ના રજીસ્ટર્ડ વસિયતનામામાં સ્પષ્ટતા હોવા છતાં સદર મકાન અમારા અસીલોના મોટા બા કૈલાસબેન જશવંતભાઈ પટેલ પોતે એક માત્ર મકાનન માલિક હોવાનું જણાવી વેચાણ કરવાનો પ્રયત્ન કરતા હોવાનું અમારા અસીલોના ધ્યાને આવેલ હોવાથી આ જાહેર ચેતવણી આપી સર્વે લાગતા વળગતાને જણાવવાનું કે, કોઈએ પણ સદર મકાન અમારા અસીલોની પૂર્વ સંમતિ સિવાય ભાડે, ગીરો, બક્ષીસ, વેચાણ કે વેચાણના સ્વરૂપમાં લેવું નહિ આમ છતાં જે કોઈ વ્યક્તિ સદર મકાન અમારા અસીલોની પૂર્વ સંમતિ સિવાય લેશે તો તેઓના નાણાં ડુબશે તેમજ તેવા વ્યક્તિઓ સામે અમારા અસીલો કાયદેસરની કાર્યવાહી કરશે. જેની સર્વેએ નોંધ લેવી.

અમારી સુચના અને ફરમાઈશથી
૧. દિપેન મહેન્દ્રભાઈ પટેલ
૨. નિકી મહેન્દ્રભાઈ પટેલ
૩. હર્ષ ઉર્ફે હર્ષિલ બાબુભાઈ પટેલ

સહી/-
જશવંતસિંહ એચ. રાઠોડ
એડવોકેટ
C/o. રાજુભાઈ એચ. દેસાઈ
(સ્ટેમ્પ વેન્ડર અને દસ્તાવેજ લખનાર)
ઓફીસ નં. એ, પ્રથમ માળ, સુમન ટાવર
સેક્ટર નં. ૧૧, ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૩/૧૦/૨૦૨૦

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
24 HOURS EMERGENCY SERVICES

સુવિધાઓ
- આઈ.સી.યુ.ની સુવિધા
- 2D Echo
- અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨
- હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
- સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
- એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
- મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

કાન, નાક, ગળા વિભાગ
(દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com